BY-EMAIL

**ક્રમાંક/માધ્ય/પરચ/૨૦૧૯/૩૨૬૧૨-૭૬**
કમિશનરશ્રી, શાળાઓની કચેરી,
૯/૧,ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર,
તા. ૧૯/૧૧/૨૦૧૯

**પ્રતિ,**
**જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,**
**તમામ**

**વિષય;રાષ્ટ્રીય વાહક જન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત શાળાના વિદ્યાર્થીઓની સામેલગિરી બાબત**

**સંદર્ભ** : કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (આ.વિ.), ના પત્રક્રમાંક:એનવીબીડીસીપી/વિદ્યાર્થીઓની સામેલગીરી/બાબત/એમ /૧૯/૨૪૭૦, તા.૧૩/૧૧/૧૯

ઉપરોક્ત વિષય પરત્વે આ સાથે કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (આ.વિ.),ના પત્રક્રમાંક:એનવીબીડીસીપી/વિદ્યાર્થીઓની સામેલગીરી/બાબત /એમ/૧૯ /૨૪૭૦, તા.૧૩/૧૧/૧૯ ના સંદર્ભ દર્શીત પત્રની નકલ મોકલી આપતાં જણાવવાનું કે, ઉક્ત પત્રમાં જણાવ્યા મુજબની કાર્યવાહી કરવા આપના તાબા હેઠળની શાળાઓના આચાર્યશ્રીઓને આપશ્રીની કક્ષાએથી પરિપત્ર કરી નિયમાનુસારની કાર્યવાહી કરવા આથી જણાવવામાં આવે છે.

**બીડાણ : સંદર્ભ મુજબ**

**મદદનીશ શિક્ષણ નિયામક**
**માધ્યમિક**
**ગુ.રા.ગાંધીનગર**

ક્રમાંક:યોજના/પરચ/૨૦૧૯/૪૬૫
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
ભાવનગર તા. ૨૨/૧૧/૧૯

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/RMSA/ગ્રાન્ટેડ/નોન-ગ્રાન્ટેડ
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ
ભાવનગર

ઉક્ત પત્રની જાણ તથા અમલ થવા સારુ.

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

નકલ રવાના જાણ તથા અમલવારી સારૂ:
શિ.નિ.શ્રી/મ.શિ.નિ.શ્રી

Scanned by CamScanner

નં.એનવીબીડીસીપી/વિદ્યાર્થીઓની/૭૨૭૦૧
સામેલગીરી/બાબત/ એમ/૧૯.
કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને
તબીબી શિક્ષણ (આ. વિ.),
૫, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.
તા.૨૩/૧૧/૧૯.

માધ્યમિક
નંબર:- 1241
તારીખ:- 15/11/19

પ્રતિ,
શ્રી ડી.પી.દેસાઈ,IAS,
નિયામકશ્રી,
શાળાઓ, બ્લોક નં ૯,
ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

વિષય – રાષ્ટ્રીય વાહક જન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત શાળાના વિદ્યાર્થીઓની સામેલગિરી બાબત.

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, વાહક જન્ય રોગો જેવા કે મેલેરીયા અને ડેન્ગ્યુના નિયંત્રણમાં મચ્છરની ઉત્પતિ અટકાવવાની કામગીરી વિશેષ પ્રાધાન્ય ધરાવતા હોઈ લોકોનો સહકાર જરૂરી બને છે. શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને મચ્છર ઉત્પતિ સ્થાનો, તેના પ્રકાર, ઉત્પતિ, અટકાવવા માટેના ઉપાયો વિશે જો માહિતગાર કરવામાં આવે તો લોક જાગૃતિ માટેના જે પ્રયાસ છે તેની અસર લાંબા ગાળા સુધી ટકી રહે.

વિદ્યાર્થીઓની સામેલગીરી માટે શિક્ષણ વિભાગ તરફથી આરોગ્ય વિભાગનો જરૂરી સાથ સહકાર પ્રાપ્ત થઈ રહ્યો છે જે ખુબ જ આવકારદાયક છે. સેટકોમના માધ્યમથી ૯ થી ૧૨ ધોરણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સામેલગીરી માટે આ અગાઉ પણ પ્રયત્ન કરવામાં આવેલ જે પુન: કરવાથી વિદ્યાર્થીઓ પોતાના સ્વાસ્થ્ય વિશે સભાન બને અને તેઓ જે સમાજનો ભાગ છે ત્યાં પણ આરોગ્યલક્ષી પ્રવૃતિઓના અમલીકરણથી સમગ્ર સમાજને લાભ પહોંચે. તે દિશામાં વિચારવાનું અને કાર્ય કરવાની જરૂર છે. ઉપરોક્ત બાબતે રાજ્યની દરેક શાળામાં ખાસ કરીને ૯ થી ૧૨ સુધીના ધોરણોમાં અભ્યાસ કરતાં બાળકોમાં જાગૃતિ લાવવી અનિવાર્ય અને ફાયદાકારક છે. મચ્છર ઉત્પતિ અટકાવવા માટે જનભાગીદારી કેળવવાનો જે પ્રયત્ન છે તેમાં બાળકોને સહભાગી બનાવી શકાય. આ આશયથી એક હોમવર્ક કાર્ડ તૈયાર કરેલ છે. જે આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે. સદરહુ કાર્ડ બાળકો દ્વારા કઈ રીતે ભરવુ તથા મચ્છરના પોરાને કઈ રીતે ઓળખી શકાય તે અંગેનું માર્ગદર્શન જે પ્રા.આ.કેન્દ્ર / શહેરી આરોગ્ય કેન્દ્રની ટીમ દ્વારા પુરુ પાડવામાં આવશે. બાળકો આ ગૃહકાર્ય કરે ત્યારે પોતે જાગૃત થાય તેમના ઘરના સભ્યોમાં પણ જાગૃતિ વધે. તદઉપરાંત મચ્છર ઉત્પતિ અટકાવવા

Scanned by CamScanner

માટેની કામગીરીમાં પણ મદદ પ્રાપ્ત થાય. આમ બાળકોની સામેલગિરીથી વાહક જન્ય રોગો ખાસ કરીને ડેન્ગ્યુ રોગ અટકાયતના અભિયાનમાં સકારાત્મક વાતાવરણ સર્જાય અને લાંબાગાળે અસરકારક રોગ નિયંત્રણના ધ્યેય તરફ આગળ વધી શકાય.

ઉપર મુજબની કામગીરી રાજ્યના તમામ જિલ્લાઓ તેમજ મહાનગરપાલિકાઓમાં હાથ ધરવા આપની કક્ષાએથી અનુમતિ આપવા વિનંતી છે તથા તમામ શિક્ષણ અધિકારીશ્રીઓને જરૂરી સુચનાઓ આપવા વિનંતી છે.

**બિડાણ:–** ઉપર મુજબ

**અધિક નિયામક (આરોગ્ય)**
આરોગ્ય, તબીબી સેવાઓ અને
તબીબી શિક્ષણ (આ. વિ.), ગાંધીનગર

રાષ્ટ્રીય વાહકજન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ (NVBDCP)

## મચ્છરની ઉત્પત્તિ થઇ શકે તેવા સ્થળોની તપાસ માટેનું પત્રક

**શાળાનું નામ :**

**વિદ્યાર્થીનું નામ :** **તારીખ :**

**સરનામું :**

| અ.નુ. | કુટુંબ ના વડાનું નામ | ઘરમાં કુલ વ્યક્તિ ની સંખ્યા | ઘરમાં છેલ્લા૧૫ દિવસમાં નોંધાયેલ તાવના કેસની સંખ્યા | કોઠી | | પીપ | | માટલાં | | અન્ડર ગ્રાઉન્ડ ટાંકી | | ઓવરહેડ ટાંકી | | પાણીની અન્ય ટાંકી | | પ્લાસ્ટીક ના પાત્રો | | ટાયર/ ભંગાર | | પક્ષીકુંજ – હવાડા | | ફૂલર /ફ્રીજ | | ફૂલદાની | | નાળિયેર | | અન્ય | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | તપાસેલ | પોઝીટીવ | તપાસેલ | પોઝીટીવ | તપાસેલ | પોઝીટીવ | તપાસેલ | પોઝીટીવ | તપાસેલ | પોઝીટીવ | તપાસેલ | પોઝીટીવ | તપાસેલ | પોઝીટીવ | તપાસેલ | પોઝીટીવ | તપાસેલ | પોઝીટીવ | તપાસેલ | પોઝીટીવ | તપાસેલ | પોઝીટીવ | તપાસેલ | પોઝીટીવ | તપાસેલ | પોઝીટીવ | તપાસેલ | પોઝીટીવ |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |

**વિદ્યાર્થીની સહી :** **વાલીની સહી :** **શિક્ષકની સહી :**

**નોંધ :** ૧.ઘરમાં પાણીના જે પાત્રોમાં મચ્છરોના પોરા જોવા મળે તે પાત્રો પોઝીટીવ ગણી (     )ટીક કરવું.
૨.બધા વિદ્યાર્થીઓના રિપોર્ટ એકત્રીત કરી શાળાએ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મારફતે તે અહેવાલ જિલ્લા મેલેરીયા અધિકારીને મોકલવો.

Scanned by CamScanner